
### હવામાન વિભાગની આગાહી પડી સાચી

# અરવલ્લીમાં ભર શિયાળે અષાઢી માહોલ

## અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ સાથે કડકડતી ઠંડી

હવામાન વિભાગે એક સાથે સાયક્લોનિક સરક્યુલેશનની બે સિસ્ટમ સક્રીય થતા રાજયમાં અનેક વિસ્તારોમાં ત્રણ-ચાર દિવસમાં કમોસમી વરસાદની આગાહી કરી હતી. ત્યારે અરવલ્લી-સાબરકાંઠા જીલ્લા સહીત ઉત્તર ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી વાતાવરણમાં ભારે પલટો આવ્યો હતો. રવિવારે સાંજે આકાશે કાળા ડિબાંગ વાદળો પછી મોડી રાત્રે અરવલ્લી જીલ્લાના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ ખાબકતા ખેડૂતોમાં ચીંતા પ્રસરી છે. મોંઘાદાટ બિયારણ અને ખાતરનો ખર્ચ કરી ગાત્રો થીજાવતી ઠંડીમાં મહામહેનતે વાવેતર કરેલ ખેતીને નુક્શાનની ભીતી સેવાઈ રહી છે.





ભર શિયાળે વરસાદના કારણે ખેડૂતોના પાકને નુકસાન થયાની ભીતિ સતાવી રહી છે. લોકોને કકડતી ઠંડી સાથે વરસાદી ઝાપટાથી બેવડી ઋતુનો અનુભવ થયો હતો. લોકો મૂંજવણમાં મૂકાયા હતા કે સ્વેટર પહેરવો રે રેઈનકોટ પહેરવો. લોકોએ સ્વેટર સાથે રેઈનકોટનો પણ સહારો લીધો હતો.

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના રેલ્લાવાડા, જીતપુર, તરકવાડામાં વરસાદી છાંટા પડી રહ્યો છે. કમોસમી વરસાદથી ખેડૂતોમાં ચિંતામાં આવી ગયો છે. ઉત્તર ગુજરાતમાં વર્ષની શરૂઆતમાં કમોસમી વરસાદ સાથે કાતિલ ઠંડીની હવામાન ખાતાએ આગાહી કરી હતી, જેની અસર હાલ જોવા મળી હતી. તમને જણાવીએ કે મેઘરજ તાલુકામા વાતાવરણમા પલટો આવ્યા બાદ ગાજવીજ સાથે વરસાદની એન્ટ્રી થતા ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસા જેવો માહોલ પ્રવર્તી રહ્યો છે. બાયડ પંથકમાં પણ કમોસમી વરસાદ પડી રહ્યો છે. બાયડ પંથકના સાઠંબા, મુવાડા, હઠીપુરામાં વરસાદ પડી રહ્યો છે. બાયડ પંથકમાં કમોસમી વરસાદથી ખેડૂતોમાં ચિંતા ફરી વળી છે. કમોસમી વરસાદથી જગતનો તાત ચિંતિત થયો છે. હવામાન ખાતાની આગાહીની અરવલ્લીમાં અસર જોવા મળી રહી છે. અરવલ્લી સાબરકાંઠા જીલ્લાના આકાશમાં કાળા ડીબાંગ વાદળો છવાતા ખેડૂતો ચિંતિત બન્યા છે. તંત્ર દ્વારા ખેડૂતો તેમજ માર્કેટ યાર્ડના વેપારીઓને સાવચેત રહેવા સૂચના અપાઈ છે.

# ધાનેરાના સરાલ ગામે તાપણું કરતાં પાંચ દાઝયા

## પેટ્રોલનો ભડકો થતા એકની હાલત ગંભીર

ધાનેરા પંથકમાં ઠંડીથી બચવા તાપણું કરતાં પાંચ લોકો દાઝયા હોવાની ઘટના બનવા પામી છે. સોમવારે વહેલી સવારે કડકડતી ઠંડી સામે રક્ષણ મેળવવા સ્થાનિક લોકોએ તાપણું કર્યુ હતું. આ દરમ્યાન અચાનક તાપણાંમાં પેટ્રોલ નાંખતાં ભડકો થયો હતો. જેમાં તાપણાં નજીક બેઠેલાં પાંચ લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે ધાનેરા રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ તરફ એક મહિલા ગંભીર રીતે દાઝી હોવાની તેને વધુ સારવાર અર્થે પાલનપુર રીફર કરવામાં આવ્યા હતા.

બનાસકાંઠા જીલ્લાના ધાનેરા પંથકના સરાલ ગામે આજે તાપણું કરતાં પાંચ લોકો દાઝ્યાં હતા. ગામના લોકો વહેલી સવારે તાપણું કરવા દરમ્યાન પેટ્રોલ છાંટતાં ભડકો થયો હતો. જેમાં પાંચ લોકો આગની ચપેટમાં આવતાં ઈજાગ્રસ્ત બન્યા હતા. ઘટનાને લઇ સ્થાનિકો દ્વારા તાત્કાલિક તમામને ધાનેરા રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં સામે આવ્યુ છે કે, પાંચ લોકોના ચહેરાં અને હાથ ગંભીર રીતે દાઝી ગયા છે.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, બનાસકાંઠા જીલ્લા સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં હાડ થીજવતી ઠંડી પડી રહી છે. ધાનેરા પંથકમાં કડકડતી ઠંડીથી રાહત મેળવવાં સ્થાનિકોએ તાપણાં માટે લાકડાં ગોઠવ્યાં હતા. જે બાદમાં પેટ્રોલ નાંખતાં અચાનક ભડકો થતાં પાંચ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા હતા. ઈજાગ્રસ્તોમાં એક મહિલા ગંભીર રીતે દાઝી જતાં તેની તબિયત વધુ બગડતાં વધુ સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

# વાગડોદ પો. સ્ટે.ના આર્મ એક્ટ તેમજ ધાડની કોશિશના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

સરહદી રેન્જ ભુજ આઈજીપી જે.આર.મોથલીયાએ નાસતા ફરતા આરોપીઓ પકડવા સારું આપેલ સૂચના અંતર્ગત એસ.ઓ.જી.પોલીસે વાગડોદ પોલીસ સ્ટેશન હસ્તકના આર્મ એક્ટ અને ધાડની કોશિશમાં ફરાર આરોપીને બનાસકાંઠા એસ.ઓ.જી. પોલીસે ઝડપી લીધો હતો.

બનાસકાંઠા એસ.પી. તરુણકુમાર દુગ્ગલની સુચના આધારે એસ.ઓ.જી પી.આઈ ડી.આર. ગઢવીના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ.એમ.કે.ઝાલા તથા પો.સ.ઈ. એચ.એલ. જોષી, એસ.ઓ. જી. પાલનપુર નાઓની રાહબરી હેઠળ એસઓજી સ્ટાફના અ હે.કો વનરાજ સિંહ તથા હે.કો.દિલીપભાઈ, હેડ.કો. વિનોદભાઈ, હેડ.કો. ઘેમરભાઈ તથા પો.કો.વિનોદભાઈ તથા પો.કો. પ્રવિણભાઈ વિ.પોલીસ સ્ટાફના માણસો સાથે ડીસા તાલુકા પો.સ્ટે વિસ્તારમાં માં એસ.ઓ.જી. લગત પેટ્રોલીંગમા હતા.

દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે પાટણ જિલ્લાના વાગડોદ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૩/૨૦૧૬ ઈ.પી.કો.કલમ ૩૯૯ તથા આર્મ એક્ટ કલમ ૨૫(૧)બી મુજબના ગુનામા તાજીયા ગેન્ગના નાસતા ફરતા આરોપી વિજય સિંહ ઉર્ફે વિજુભા મગનસિહ વાઘેલા રહે. ઝેરડા તા.ડીસા વાળાને આજરોજ ઝેરડા મુકામેથી પકડી આગળ ની ગુના લગત કાર્યવાહી કરવા સારું પાટણ જીલ્લાના વાગડોદ પો.સ્ટે. સોંપવા માં આવેલ છે.



### ઝાબડીયાના જાહેર માર્ગ ઉપર વગર વરસાદે પાણીની રેલમછેલ

ડીસા તાલુકાના ઝાબડીયા ગામના જાહેર માર્ગ ઉપર પાઈપ લાઈનમાં લીકેજ થતા છેલ્લા દસ દિવસથી લાખો લિટર પાણીનો ખુલ્લેઆમ વેડફાટ થઈ રહ્યો છે. જેને લઈ લોકોમાં રોષ સાથે આક્રોશની લાગણી છવાઈ છે. ગામની પંચાયત સામે જ પાણી ભરાઈ જતા જાહેર માર્ગ ઉપર ખાડા પડી રહ્યા છે તેમજ પાણી ભરાઈ જતા મચ્છરોના ઉપદ્રવથી રોગચાળાની ભીતિ પણ સેવાઈ રહી છે. ગ્રામ પંચાયતના સત્તાધીશોની બેદરકારીથી પાઈપલાઈન રીપેર કરવામાં આવતી નથી, આ બાબતે સરપંચ પણ આંખ આડા કાન કરી રહ્યા છે. જેથી રોષે ભરાયેલા ગ્રામજનોએ ગામમાં સરકારી ગ્રાન્ટો આવી રહી છે પણ એનો દુરુપયોગ કરાતો હોવાના ગંભીર આક્ષેપો કર્યા હતા.

### પાલનપુરમાં સુભાષબાબુની પ્રતિમાની દુર્દશા

## પ્રતિમા પર પક્ષીઓની હગાર વચ્ચે ચશ્મા પણ ગાયબ

## અપમાનજનક સ્થિતિ માટે જવાબદાર કોણ ?

બનાસકાંઠા જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં આઝાદ હિંદ ફોઝના સ્થાપક 'માં ભારતી'ના સપૂત સુભાષ ચંદ્ર બોઝની પ્રતિમાની દુર્દશા જોતા દેશના મહાન સપૂતોની પ્રતિમાઓની અવદશા પરત્વે દેશવાસીઓની ઘોર ઉદાસીનતા ચિંતા ઉપજાવે છે.

માં ભારતીને ગુલામીની ઝંઝીરોમાંથી મુક્ત કરાવી દેશને આઝાદીની મહામુલી ભેંટ ધરનાર દેશના વીર સપૂતોના નામે રાજનીતિ કરનારા રાજકીય પક્ષો કે રાજકીય નેતાઓ તેઓની પ્રતિમા સ્થાપિત કરી દેશભક્તિના દર્શન કરાવ્યા બાદ તેની કોઈ દરકાર રાખતા નથી. ત્યારે જિલ્લા મુખ્યાલય પાલનપુર માં આવો કિસ્સો સામે આવ્યો છે. જેમાં શહેરના કીર્તિસ્થંભ વિસ્તારમાં આવેલ સુભાષચંદ્ર બોઝની પ્રતિમાની અવદશા આપણે આપણા વીર સપૂતો પરત્વે કેટલો આદરભાવ ધરાવીએ છીએ તેની પ્રતીતિ કરાવી રહી છે.

પાલનપુરમાં



સુભાષચંદ્રબોઝની પ્રતિમા પર પક્ષીઓની હગાર વચ્ચે તેમના ચશ્મા ગાયબ થઈ ગયા છે. માત્ર તૂટેલા ચશ્માની એક દાંડી જોવા મળી રહી છે.

જ્યારે પ્રતિમાના કલરના પોપડા પણ ઉખડી જતા પ્રતિમા નિસ્તેજ દેખાઈ રહી છે.

વર્ષમાં માત્ર એકાદવાર સુભાષબાબુની જન્મ જયંતિએ હરખપદુડા બની હારતોરા કરી સસ્તી પબ્લિસિટી મેળવનારા રાજકીય નેતાઓ પ્રતિમાની દરકાર રાખી જાળવણી કરે તેજ તેઓ પ્રતિ સાચી શ્રધ્ધાંજલિ સાથે સાચી દેશભક્તિ લેખાશે તેવી લાગણી વ્યક્ત થઈ રહી છે.

# ડીસાના સણથ ગામે ખેતરમાં માતા પુત્રીનો મૃતદેહ મળતા ચકચાર

### ઝાટકા મશીનથી મોત નિપજ્યાનું પોલીસનું પ્રાથમિક અનુમાન

### ૩ દિવસ અગાઉ ઘરેથી નીકળેલ માતા પુત્રીનું રહસ્યમય મોત

ડીસા તાલુકાના સણથ ગામના ખેતરમાંથી કાંકરેજ તાલુકાના શિયા ગામની માતા પુત્રીની લાશ મળી આવતા અરેરાટી સાથે ચકચાર મચી જવા પામી છે. જો કે પોલીસે ઝાટકા મશીનથી કરંટ લાગતા મોત નિપજ્યું હોવાનું પ્રાથમિક અનુમાન વ્યક્ત કરી વધું તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ડીસા તાલુકાના જુના સણથ ગામની સીમમાં આવેલ ખેતરમાં મૃત હાલતમાં ૨ લાશો પડી હતી.જેને લઈને લોકોએ ભીલડી પોલીસને જાણ કરી હતી. તેથી પોલીસ દોડી આવી હતી અને તપાસ કરતા અમરતભાઈ ભીખાભાઈ રબારીના ખેતરમાં બટાકાના રક્ષણ માટે ઝાટકા મશીનનો વિજ કરંટ લાગવાથી કાંકરેજ તાલુકાના શીયા ગામના ગીતાબેન સરતનભાઈ રબારી (ઉ.વ. ૪૧) અને પુત્રી મિનલબેન સરતનભાઈ રબારી (ઉ.વ. ૧૫) મરણ પામેલ હોવાનું પ્રથમ નજરે જણાયું હતું. પરંતુ ૩ દિવસ અગાઉ આ માતા પુત્રી પોતાના પિયર મળવા જવુ છું તેમ કહીને નીકળી હતી જેમની આજે સણથ ગામના ખેતરમાંથી રહસ્યમય સંજોગોમાં મૃત હાલતમા લાશ મળી આવી હતી. ભીલડી પી.એસ. આઈ. એ .બી. શાહ ઘટના સ્થળે દોડી જઈ આધાર કાર્ડ દ્વારા મૃતકોની ઓળખ વિધી કરીને તેમના વારસદારોને જાણ કરી હતી. બાદમાં ભીલડી સી. એચ. સી. ખાતે લાશો પોસ્ટમોર્ટ્મ અર્થે ખસેડવામા આવી હતી. આધારભૂત માહિતી મુજબ ખેડુતો પોતાના રવિ પાક ભુંડ અને જંગલી જનાવરોથી બચાવવા માટે ખેતરમાં ઝાટકા મશીનથી વિજ કરંટ મૂકે છે. જેને લઈને અવાર નવાર આવા બનાવ બનતા હોય છે. પરંતુ મૃતક કાંકરેજ તાલુકાના શીયા ગામના વતની હતા. જેઓ સણથ ગામના ખેતરમાં કયા કારણસર આવ્યા ? કારણ તેઓને આ વિસ્તારમાં કોઈ સગા સંબધી પણ નથી તેવો સવાલ ઉઠતા ખુદ પોલીસ પણ મૂંઝવણમાં મુકાઈ છે. જેની વધુ તપાસ ભીલડી પી.એસ.આઈ .એ. બી. શાહ ચલાવી રહ્યા છે. હાલ તો મા પુત્રીની લાશને લઈ પંથકમાં અવનવા તર્ક વિતર્ક વહેતા થવા લાગ્યા છે.

# થર્ટી ફર્સ્ટની નાકાબંધી હટતા બુટલેગરો સક્રીય

### શામળાજી પોલીસે કારમાંથી ૮૬ હજાર અને એલસીબી પોલીસે પલ્સર બાઈકમાંથી ૧૨ હજારનો દારૂ ઝડપ્યો

રાજયના સરહદી જિલ્લા અરવલ્લીમાં થર્ટી ફસ્ટને લઈને પોલીસવડા સંજય ખરાતના સીધા માર્ગદર્શન હેઠળ એસઓજી, એલસીબી અને પેરોલ ફર્લો સ્કોડ સહિત બોર્ડર વિસ્તારના ૪ પોલીસ સ્ટેશનોની કુલ મળી ૭ ટીમોના ૧૦૦ થી વધુ જવાનોએ સઘન પેટ્રોલીંગ હાથ ધરતા અને ચુસ્ત નાકાબંધીના પગલે બુટલેગરો નિષ્ક્રીય થઈ ગયા હતા. ધીરે ધીરે આંતરાજ્ય સરહદો પર નાકાબંધી હટતા બુટલેગરો એનકેન પ્રકારે વિદેશી દારૂ ઘુસાડવા સક્રીય થઈ ગયા છે.

શામળાજી પોલીસ રતનપુર ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા રીટઝ કારમાં બૂટલેગરો વિદેશી દારૂ ભારી પસાર થતી કારે ચકમો આપી ભગાવી મુકતા પોલીસે બસસ્ટેન્ડ નજીક નાકાબંધી કરી ઝડપી પાડી ૮૬ હજારથી



વધુનો દારૂ ઝડપ્યો હતો. એલસીબી પોલીસને જોઈ બાઈક સવાર બુટલેગર રોડ પર બાઈક મૂકી ફરાર થઈ જતા પોલીસે ૧૨ હજારથી વધુનો દારૂ ઝડપી સંતોષ માન્યો હતો.

શામળાજી પોલીસે અણસોલ ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું ચેકીંગ હાથ ધરતાં પુરપાટ ઝડપે પસાર થતી રીટઝ કારને ઉભી રાખવાનો પ્રયત્ન કરતા કારચાલક નાકાબંધી તોડી કાર ભગાવી મુકતા પોલીસે પીછો કરતા અને પોલીસને જાણ કરતા અન્ય એક ટીમે શામળાજી બસ સ્ટેન્ડ નજીક વોચમાં ગોઠવાઈ પીએસઆઈ અનંત દેસાઈએ નાકાબંધી કરી રીટઝ કારને અટકાવી તલાસી લેતા કારની પાછળની સીટમાંથી અને ડેકીમાંથી ક્વાંટરીયા નંગ ૧૪૪૦ કીં. રૂ.૮૬૪૦૦નો જથ્થો જપ્ત કરી કારચાલક મોયુનુંદીન હકીમમોંહમદ મન્સુરી અને સહજાદ નબીનુંર રંગરેજ (બંને રહે, ભીલવાડા-રાજ)ને દબોચી લઈ કાર, દારૂ અને મોબાઈલ મળી કુલ રૂ.૨૮૮૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બંને બુટલેગરો વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

એલસીબી પીઆઈ આર.કે. પરમારના માર્ગદર્શન હેઠળ તેમની ટીમે નાંદીસણ પાટીયા નજીક પેટ્રોલીંગ હાથ ધર્યું હતું. પોલીસ વોચ જોઈ શામળાજી તરફથી આવી રહેલ પલ્સર બાઈક બે શખ્સો રોડ પરજ બાઈક ઉભું રાખી હવામાં ઓગળી જતા પેટ્રોલીંગમાં રહેલી એલસીબી પોલીસ બીનવારસી પલ્સર બાઈક પાસે પહોંચતા બાઈક પર લટકાવેલ થેલામાંથી વિદેશી દારુના ટેટ્રા પેક-૮૪ કી. રૂ.૧૨૬૦૦નો જથ્થો મળી આવતા પોલીસે દારૂ અને બાઈક મળી કુલ રૂ.૫૨૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બાઈક પર દારૂની ખેપ મારનાર અજાણ્યા બે બુટલેગરો સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



## પ્રાંતિજ ખાતે આંબે કેરી બેસી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં કેટલીય જગ્યાએ હાલ આંબા ઉપર મોર વહેલો આવ્યો છે અને તે ઉપરથી કેરી વહેલી મળશે તેવું કહી શકાય ત્યારે પ્રાંતિજમા અવનિ ફાર્મમાં આવેલ આંબા ઉપર મોરની સાથે કેરી પણ લટકતી જોવા મળી. પ્રાંતિજ સહિત તાલુકામાં કેટલાય આંબા ઉપર આ વર્ષે આંબા ઉપર મોર જોવા મળી રહી છે ત્યારે આ વર્ષે કેરી વહેલી મળશે તેવું અનુમાન પણ લગાવી શકાય છે તો પ્રાંતિજ અવનિ ફાર્મ ઉપર આવેલ આંબા ઉપર મોરની સાથે કેરીઓ પણ જોવા મળી છે જેથી એમ પણ કહી શકાય કે આ વર્ષે આંબે મોરની સાથે કેરી જોવા મળતા કેરીના શોખીનોને આ વર્ષે કેરીનો સ્વાદ વહેલા માણવા મળશે. હાલ તો અવનિ ફાર્મમાં આવેલ આંબા ઉપર મોરની ગુછીગુંછીઓ આવવાની સાથે આંબા ઉપર કેરી પણ લટકતી જોવા મળી રહી છે.

# સાબરકાંઠામાં કોરોનાના નવા છ કેસ

સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૨૧ની શરૂઆતથી કોરોના પોઝીટીવના કેસની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થઈ રહ્યો છે જે પ્રજા અને તંત્ર માટે શુભ નિશાની છે. દરમિયાન સોમવારે જિલ્લામાં કોરોના પોઝીટીવના નવા છ કેસ ઉમેરાતા કુલ આંકડો ૧૯૪૨ પર પહોંચી ગયો છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ સોમવારે જે નવા છ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગરની સાંઈવિલા સોસાયટીમાં ૩૬ વર્ષીય પુરૂષ, હંસીવુરા વીરપુર ગામમાં ૬૦ વર્ષીય મહિલા અને કાંકણોલ ગામમાં રહેતા ૬૫ વર્ષિય મહિલાનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તે ઉપરાંત પ્રાંતિજ તાલુકાના અમીનપુર ગામમાં ૭૫ વર્ષિય મહિલા, તલોદના પટેલ ફળીયામાં ૭૯ વર્ષિય મહિલા ઉપરાંત વિજયનગર તાલુકાના બાલેટા ગામમાં રહેતા ૩૫ વર્ષિય પુરૂષ કોરોનાની ઝપેટમાં આવી ગયા છે.

## બનાસકાંઠામાં કોરોનાનો એકમાત્ર કેસ નોંધાયો

બનાસકાંઠા જિલ્લામાં જ દિપાવલીના તહેવારો ટાણે વકરેલો કોરોનાનો પ્રકોપ ક્રમશઃ ધીમો પડ્યો હતો. ત્યારે સોમવારે પણ એક માત્ર કોરોનાનો કેસ નોંધાયો હતો. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૪૦૯૮ પર સ્થિર રહેવા પામી છે. સરહદી બનાસકાંઠા જિલ્લામાં સોમવારે કોરોનાનો એક જ કેસ નોંધાયો હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જેમાં બનાસ મેડિકલમાં ૦૧ (વડગામ ૦૧) કેસ નોંધાયો હતો. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, કુલ ૭૫૮ સેમ્પલમાંથી એક માત્ર પોઝેટિવ કેસ નોંધાયો છે.